| | | | | |
|---|---|---|---|---|
| કેસ દાખલ થયા તારીખ | : | ૧૧/૦૪/૨૦૨૩ | | |
| કેસ રજી. થયા તારીખ | : | ૧૧/૦૪/૨૦૨૩ | | |
| કેસ ફેંસલ થયા તારીખ | : | ૨૭/૦૫/૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૩ | ૦૧ | ૧૬ |

---

**બાયડના મહે. એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં,**

**મુ.બાયડ, જી. અરવલ્લી**

---

**ફોજદારી કેસ નંબર : ૧૦૦૯ /૨૦૨૩**
**આંક :-**

ફરીયાદી:- પટેલ અર્પણભાઇ અનિલભાઇ
ઉ.વ. ૨૭ ,ધંધો : ખેતી
રહે. ડેમાઇ ,તા.બાયડ,જી.અરવલ્લી.

વિરુધ્ધ

આરોપી:- સોલંકી ગણપતસિંહ ચંન્દ્રસિંહ
ઉ.વ.પુખ્ત,ધંધો.ખેતી
રહે. ખાંડા, પો. સાઠંબા,તા.બાયડ,જી.અરવલ્લી.

---

**ગુન્હો :- ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ તથા ૧૪૨ મુજબ**

---

| |
|---|
| ફરીયાદી તરફે વિ. વ.............શ્રી વી.જે.દેસાઇ |
| આરોપી તરફે વિ.વ...............શ્રી એન.સી.પટેલ |

**:: ઠરાવ ::**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામના ફરીયાદી ડેમાઇ મુકામે રહે છે અને ખેતીનો ધંધો કરે છે. આરોપી ફરીયાદીની બાજુના ગામ ખાંડા મુકામે રહે છે અને ખેતીનો ધંધો કરે છે.ફરીયાદી અને આરોપી અવાર નવાર ખાંડા તેમજ ડેમાઇ મુકામે મળતા હતા જેથી ફરીયાદી અને આરોપી વચ્ચે મૈત્રી ભર્યા સબંધો કેળવાયેલ. આરોપીને નાણાંની જરૂરીયાત ઉપસ્થિત થતા ફરીયાદીને ડેમાઇ મુકામે તા. ૨૦/૧૦/૨૦૨૨ ના રોજ આરોપીએ ફરીયાદી પાસે રૂ.

૭૦,૦૦૦/- (અંકે રૂપીયા સીત્તેર હજાર પુરા) બે માસમાં પરત કરવાની શરતે ફરીયાદી પાસેથી માંગણી કરતા ફરીયાદીએ આરોપી સાથે મૈત્રી ભર્યા સબંધોના નાતે આરોપીને ફરીયાદીએ રૂ.૭૦,૦૦૦/-(અંકે રૂપીયા સીત્તેર હજાર પુરા) ડેમાઇ મુકામે આપેલ. આમ, આરોપીનો વાયદે પુરો થતા ફરીયાદીએ આરોપી પાસેથી નાણાંની વારંવાર ઉઘરાણી કરતા આરોપીએ ફરીયાદીના ડેમાઇ મુકામે ઘરે આવી આરોપીએ પોતાની અંગતજવાબદારી અદા કરવા પોતાના ખાતાવાળી બેંક, ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. સાઠંબા શાખાનો આરોપીના ખાતાનો ચેક નં- ૦૩૦૦૦૧ નો રૂ. ૭૦,૦૦૦/- (અંકે રૂપીયા સીત્તેર હજાર પુરા) નો તા. ૨૩/૦૧/૨૦૨૩ ના રોજનો આ કામના આરોપીએ ફરીયાદીને ચેક આપેલ.ચેકની તમામ વિગતો ફરીયાદીની રુબરુમાં ભરી ભરાવી બંને ચેકમાં આરોપીએ સહી કરી સદર ચેક ફરીયાદીને આપેલ અને ચેક આપતા પાકો વિશ્વાસ અને ભરસો આપેલ કે ચેક જણાવેલ તારીખે ભરશો તો ચેકમાં જણાવેલ રકમ ચોકકસ મળી જશે જેથી ફરીયાદીએ આરોપીની વાતમાં વિશ્વાસ અને ભરોસો રાખી સદર ચેક સ્વીકારેલ. વધુમા,ફરીયાદીએ આરોપીએ આપેલ સદર ચેક વસુલાત માટે તેમની ખાતાવાળી બેંક સેંન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયા, ડેમાઇ શાખામાં ભરતા કિલીયરન્સ માટે સદર ચેક કોર બેંકીંગ સીસ્ટમ આધારે આરોપીની ખાતાવાળી બેંકમાં કલીયર થવા જતાં આરોપીની ખાતાવાળી બેંકના તા. ૦૧/૦૨/૨૦૨૩ નારોજ સદર ચેક રીટર્ન મેમા સાથે મેમામાં જણાવેલ કારણ-૧ '' ફન્ડ ઇન સફીસન્ટ'' ના શેરા સાથે કારણ વગર સ્વીકારયે પરત ફરેલ.જેની જાણ ફરીયાદીની ખાતાવાળી બેંકની શાખા મારફતે તારીખ- ૦૨/૦૨/૨૦૨૩ સદર ચેક તથા રીટર્ન મેમો આપી રુબરુ જાણ કરેલ અને ફરીયાદીને ચેકમાં જણાવેલ નાણાં મળેલ નહી.આ કામના આરોપીએ લેણી રકમ ચુકવવા સારુ આપેલ સદર ચેકની તારીખે તેમના ખાતાવાળી બેકંમા જમા રાખવા કાયદેસર બંધાયેલ અને જવાબદાર હોવા છતા પુરતુ ભંડોળ નહી રાખી ગંભીર બેદરકારી દાખવેલ હોઈ જેના કારણે સદર બંને ચેક વગર સ્વીકારાયે પરત આવેલ હોઈ.જેથી ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફતે ચેક રીટર્ન થયાની કાયદાકીય નોટીસ રજી.પો.એડી.થી તા.૨૮/૦૨/૨૦૨૩ ના રોજ મોકલેલી. જે નોટીસ આરોપીને રહેણાંકના સરનામે તા. ૦૧/૦૩/૨૦૨૩ ના રોજ મળી ગયેલી.જેની એકનોલેઝમેન્ટ પાવતી મળી ગયેલ. આરોપીએ નોટીસનો કોઈ જવાબ કે નિયત સમયમર્યાદામાં ચેકની રકમ વસુલ આપેલ નથી. આમ, આરોપીએ ફરીયાદી સાથે એક ખોટો નાણાંકીય ગેરલાભ મેળવી

છેતરપિંડી અને વિશ્વાસઘાત કરી ધી નેગોશિયેબલ ઈન્સટ્રૂમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોય આરોપી એ ફરીયાદી સાથે અત્રેની કોર્ટની હકુમતમાં ધી નેગો.ઈ.એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોઈ આરોપી સામે પ્રોસેસ કાઢી પકડી મંગાવી યોગ્ય નશ્યત કરવા હુકમ કરવા તેમજ સજા અને દંડ કરી ચેકની બમણી રકમ સુધી વળતર અપાવવા હુકમ કરવા તેમજ આપ નામ. કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી અન્ય દાદ આપવા નમ્ર અરજ છે.

(૨) આ કામે આરોપીને સમન્સ કરતાં સમન્સની બજવણી થતાં તેઓ મુદતે નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલ છે અને આરોપીને ક્રી.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદીએ રજુ કરેલ ફરીયાદ તથા સાથેના દસ્તાવેજોની નકલો આપવામાં આવેલી. ત્યારબાદ આરોપી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮,૧૪૨ ના ગુન્હા સંબધે આરોપીની પ્લી **આંક– ૦૭** થી લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ હોય, ત્યાર બાદ સદરહુ કામ ફરીયાદ પક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**મૌખીક પુરાવો :**

| **ક્રમ** | **સાહેદની વિગત** | **આંક** |
|---|---|---|
| ૦૧ | ફરીયાદી – પટેલ અર્પણભાઇ અનિલભાઇનું સોગંદનામું | ૦૪ |

**દસ્તાવેજી પુરાવો :**

| **ક્રમ** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૦૧ | આરોપીએ આપેલ અસલ ચેક | ૦૮ |
| ૦૨ | ચેક રીટર્ન મેમો | ૦૯ |
| ૦૩ | વકીલશ્રી મારફતે આરોપેની આપેલ નોટીસની સ્થળપ્રત | ૧૦ |
| ૦૪ | નોટીસ રજી.પો.એડી.કર્યાની સફેદ પહોંચ | ૧૧ |
| ૦૫ | અસલ એકલોનોઝમેન્ટ | ૧૨ |

(૪) ફરીયાદપક્ષે ફરીયાદીએ **આંક– ૨૭** થી પુરાવો પૂર્ણ કર્યા બાદ આ કામે આરોપી સામે ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૩૧૩ અન્વયે તેમનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ.ત્યારબાદ આ કામે આરોપી તરફે **આંક– ૩૨** થી રજુ થયેલ લેખીત દલીલો ધ્યાને લીધેલ છે. તેમજ, ફરીયાદી તથા આરોપીના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) આક્ષેપિત ગુન્હો સાબિત કરવા માટે મારા નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી તથા આરોપીઓ વચ્ચેના કેસ બાબતે તમો આરોપીએ ફરીયાદીના ડેમાઈ મુકામે આવેલા અને તા.૨૩/૦૧/૨૦૨૩ નારોજનો ચેક નં-૦૩૦૦૦૧ નો રકમ રૂા.૭૦,૦૦૦/- (અંકે રૂપિયા સીત્તેર હજાર પુરા) બેંક ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. સાઠંબા શાખા નો ચેક તેમાં આરોપીએ ચેક ભરી ભરાવી ને આપેલ. જે ચેક ફરીયાદી એ તેમના ખાતાવાળી બેંકમાં ભરતા જે ચેક પરત ફરેલ જે ચેક ભરતા સદર ઉપરોકત ચેક ફન્ડ ઇન સફીશીયન્ટના શેરાથી પરત ફરેલ, તેથી તમો આરોપીને રજી. એ.ડી.થી નોટીસ આપેલ જે નોટીસ આરોપીનાઓએ સ્વીકારી નોટીસનો જવાબ નહી આપી તેમજ લેણા નીકળતા નાણાં નહી આપી, તમો આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) હકારમા

(૨) આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

(૭) **મુદ્દા નં.૧ :-**

સદર કામે આરોપી ઉપર મુકવામાં આવેલ ગુનાના આક્ષેપો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે **આંક-૦૪** થી **ફરીયાદી પટેલ અર્પણભાઇ અનિલભાઇનાઓએ** સોગંધનામાં ઉપર લેખીત સર તપાસ રજુ કરેલ છે. જેમાં તેઓએ તેમની આંક-૧ ની અરજીમાં જણાવેલ હકીકતો મુજબની હકીકતો તેમની સરતપાસમાં જણાવતાં હોય, જેથી પુનરાવર્તનનો દોષ ટાળવા સારુ સદર સરતપાસની ચર્ચા અત્રે કરવામાં આવતી નથી.

આ કામના આરોપીઓને ફરીયાદીની ઉલટતપાસ કરતા જણાવેલ છે કે ,હુ ડેમાઈ મુકામે સર્વ નંબર-૨૮૬ થી ખેતી લાયક જમીન ધરાવુ છુ આ સિવાય બીજો પણ એક સર્વ નબરવાળી

જમીન ધરાવુ છુ જેનો સર્વે નંબર યાદ નથી.મને આ જમીનના ક્ષેત્રફળ મને યાદ નથી.વર્ષ–૨૦૨૧–૨૨માં મે આ જમીનમાં કપાસ અને ઘંઉનુ વાવેતર કરેલુ.એ વાત ખરી નથી કે જેનુ વાવેતર કર્યુ હોય તેનુ પાણીપત્રક થાય સાહેદ જણાવે છે કે હુ પાણીપત્રક લેતો નથી.મે હાથઉછીના પૈસા આપેલ હોય અને તેની રકમ પેટે મળેલ ચેક પરત થયેલ હોય તેવી ફરીયાદી રમણ સિંહ દોલતસિંહ સોંલકી સામે બીજી કોર્ટમાં કરેલ છે. મે ખોડા ગામના કોઈ ઈસમો સામે આવી કોઈ ફરીયાદો કરેલી નથી.એ વાત ખરી છે કે મારો મોબાઈલ નંબર–૯૪૨૮૬૪૯૨૦૧ નો છે.મને તે વાતની ખબર નથી કે બન્ટીભાઈ ઉર્ફે પ્રતિકભાઈ એ અંબિકા ફાયનાન્સના નામે નાણા ધીરધારનો ધંધો કરે છે.આ બન્ટીભાઈ એ મારા કાકાનો દિકરો ભાઈ છે.મારા સગાભાઈનુ નામ ચેતનભાઈ છે.એ વાત ની મને ખબર નથી કે બન્ટીભાઈ ઉર્ફે પ્રતિકભાઈ એ અંબિકા ફાયનાન્સના નામે નાણા ધીરધારનો ધંધો કરે છે અને ખોડા ગામના કોઈ ઈસમો સામે આવી કોઈ ફરીયાદો કરેલી છે.આરોપી વર્ષ–૨૦૨૨માં મને ડેમાઈ મુકામે સૌપ્રથમ મળેલા મને ચોકકસ તારીખ યાદ નથી.હુ ખેતીની આવકના હિસાબો રાખતો નથી.હુ નાંણાકીય લેવડ–દેવડના હિસાબો પણ રાખતો નથી.આરોપી ગણપતસિંહ એ મારા સંબધી કે સમાજના નથી.મે આરોપીને રૂ. ૭૦,૦૦૦/– હાથ ઉછીના આપેલ હોય તે દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો મારી પાસે નથી.મારા ખાતામાં ફોન પે દ્વારા ખોડા ગામના વ્યકિત દ્વારા રકમ જમા કરાવવામાં આવેલ હોય તેવુ બનેલ છે. સાહેદ જણાવે છે કે ખોડા ગામના અરવિંદસિંહ એ ફોન પે મને રકમ આપેલી જે વ્યવહાર હાલમાં પુરો થઈ ગયેલ છે તે રકમ આશરે રૂ. ૩૩,૦૦૦/– કે ૩૪,૦૦૦/– હતી જે કંઈ તારીખે આપેલ તે ચોકકસ યાદ નથી.એ વાત ખરી છે કે આરોપી ને મે રૂ. ૭૦,૦૦૦/– કઈ તારીખે અને કોની હાજરીમાં આપેલ.તે મારી ફરીયાદમાં જણાવેલ નથી સાહેદ જણાવે છે કે તારીખ ૨૦/૧૦/૨૦૨૨ના રોજ ડેમાઈ મુકામે આપેલા હતા.એ વાત ખરી છે કે ફરીયાદમાં જણાવેલ ચેક આરોપી એ મને કઈ તારીખે અને કઈ જગ્યાએ અને કોની હાજરીમાં આપેલ તે મારી ફરીયાદમાં જણાવેલ નથી.મને તે વાતની ખબર નથી કે બન્ટીભાઈ ઉર્ફે પ્રતિકભાઈ ને ત્યા જશપાલસિંહ નરેન્દ્રસિંહ નોકરી કરતા હતા અને તેઓ ધીરધારની આપેલી રકમની ઉઘરાણી કરતા હતા.એ વાત ખરી છે કે લેણી રકમ રૂ.૭૦,૦૦૦/– આપેલ હોય તેનો કોઈ દસ્તાવેજી પુરાવા મારી પાસે નથી.એ વાત ખરી નથી કે ફરીયાદવાળો ચેક મે બન્ટીભાઈ ઉર્ફે પ્રતિકભાઈ પાસેથી મેળવી ને તેમાં ખોટી રીતે વિગતો ભરીને તેનો દુરઉપયોગ કરીને હાલની ખોટી ફરીયાદ આપેલી છે.મને

ફરીયાદવાળો ચેક તારીખ ૦૨/૦૨/૨૦૨૩ના રોજ રિર્ટન થયેલો પરત મળેલો.મે હાથઉછીના પૈસા માત્ર બે લોકોને આપેલા છે.મારી પાસે નાણા ધીરધારનુ લાયસન્સ નથી. સાહેદ જણાવે છે મે મિત્રતાના સંબધે રકમ આપેલી.હુ આરોપી સાથે મિત્રતા ભર્યા સંબંધ ધરાવતો હોય આરોપીના ઘરે કોઈ પ્રંસગમાં ગયેલ હોય તેવુ મને યાદ નથી.એ વાત ખરી નથી કે મે ફરીયાદ આપતા પહેલા આરોપીને નોટિસ આપેલ નથી.એ વાત ખરી નથી કે આરોપી પાસેથી રૂ. ૭૦,૦૦૦/-ની કાયદેસરની લેણી રકમ બાકી નથી. એ વાત ખરી નથી કે, આરોપી પાસેથી ખોટી રીતે રકમ પડાવી લેવામાં ખોટી ફરીયાદ આપેલી છે જેના સમર્થનમાં સોંગધ પર ખોટી જુબાની આપુ છું.

(૦૯) સદર કામમાં કેસના ગુણદોષો નકકી કરતા અગાઉ સદરહું કાયદા અંગે સ્પષ્ટીકરણ જરૂરી જણાતુ હોય સદરહું કામમાં જે ગુના સબબ હાલની ફરીયાદ દાખલ થયેલ હોય તેની કાયદાકીય જોગવાઈ લક્ષમાં રાખીએ તો **ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૧૮ મુજબ** :- ફરીયાદ વાળો ચેક એથી વિરુધ્ધનુ સાબીત ન થાય ત્યાં સુધી તે (અ) અવેજ વિશે,(બ)તારીખ વિશે,(ક)સ્વીકારના સમય અંગે,(ડ)તબદીલીના સમય અંગે,(ઈ)શેરાઓના ક્રમ વિશે,(ફ) સ્ટેમ્પ વિશે, (ગ) ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે,અનુમાન કરવાનું છે.**પુરાવના બોજા વિશે** એ પ્રસ્થાપીત હકીકત છે કે,ચેક એ વિનીમયપત્ર છે અને વિનીમયપત્ર અન્વયે ઈન્સ્ટ્રુમેન્ટ એકટની લમ-૧૧૮ મુજબ જો વિરૂધ્ધનુ પુરવાર કરવામાં ન આવે તો અવેજ,તારીખ,સ્વીકારવાનો સમય,તબદીલીનો સમય,શેરા ઓના ક્રમ, ગુમ થયેલ વિનિમયપત્ર ઉપર લગાડેલી પુરતી ટીકીટો સંબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરનો ક્રમિક ધારણકર્તા હોવા અંગે કાનુની અનુમાન ધારણા કરી લેવામાં આવશે.તેવી જ રીતે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ -૧૩૯ વંચાણે લેતા તેમાં પણ '' જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે, ત્યા સુધી એવું અનુમાન કરવામાં આવશે કે,ચેકના ધારકે કલમ - ૧૩૮માં જણાવેલ ચેક, કોઈ દેવું અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશત: જવાબદારી હતો '' આમ,કલમ-૧ ૩૯ ની જોગવાઈઓ જોતા ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ સદર કલમમાં કરવામાં આવેલ હોવાનું ફલીત થાય છે. તેવી જ રીતે ધી નેગોશીએબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ-૨૦ મુજબ જો કોઈ વ્યકિત વિનમયપત્ર ઉપર સહી કરી અન્યને આપે અને તે સંપૂર્ણ ક્રોસ હોય કે અપૂર્ણ વિગતવાળો હોય તો તેવી આપનાર વ્યકિત પ્રમથદર્શનીય રીતે અન્ય વ્યકિતને એવી સતા હસ્તાતંર કરે છે કે , તેમાંની અપૂર્ણ વિગત અથવા અન્ય જરૂરી વિગતો

અથવા અન્ય જરૂરી ભરવાની વિગત તેણે સંપૂર્ણ કરી લઈ વિનીમયપત્ર ઉપયોગમાં લેવાનો છે.આમ,ઉપરોકત નોંધેલ કલમ–૧૧૮ ,૧૩૯ અને ૨૦ અન્વયે ઉપલબ્ધ કાનુની અનુમાન અને ધારણ હાથ ઉપરના કેસમાં , ફરીયાદી વિનીમયપત્રનો ધારણકર્તા હોવાનુ માનવાને સબળ કારણ રહે છે. એ ખરુ છે કે, કાનુની અનુમાન અને ધારણા ખંડનીય પ્રકારની છે , અને જો વિરૂધ્ધનુ પુરવાર કરવામાં આવે તો તેનું કાનુની મુલ્ય રહેતુ નથી.આમ વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યા સુધી એવુ અનુમાન કરવામા આવશે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ –૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજમુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. વણચુકવ્યો પરત થયેલો ચેક હાલનું કાયદેસરનું દેવુ કે જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામાં આવશે.આનાથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ વણ ચુકવ્યા ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર પર રહે છે. આમ કલમ ૧૧ ૮(એ) અને ૧૩૯ ના અનુમાનો એ કાયદાના અનુમાનો છે ચોકકસ અનુમાનો છે અને આરોપી તરફથી જયાં સુધી વિરૂધ્ધ નું પુરવાર ન થાય ત્યા સુધી તે ખંડીત થતા નથી. આ કામે સર્વોચ્ચ અદાલત ધ્વારા એ સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે આરોપીએ જેવો શંકાથી પર ચુસ્ત પુરાવો આપવા માટે આરોપીએ સાક્ષીના પાંજરામાં પણ આવવાની જરૂર રહેતી નથી. એટલે કે અનુમાનનું ખંડન આરોપી, ફરીયાદપક્ષે જે પુરાવો રજુ કરેલો છે તેના ધ્વારા પણ તે કરી શકે છે અને આરોપી ધ્વારા માત્ર શંકા ઉત્પન્ન કરતો કે શકય પુરાવો આપવો જ જરૂરી છે.

**(૧૦) ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮ નો ગુનો જોઈએ તો તેના તત્વો નીચે મુજબ છે.**

૧: કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામાં આવેલો હોવો જોઈએ. ૨: ચેકના લખનાર વ્યકિતના ખાતામાં અપુરતા નાણા ભંડોળના કારણે જ ચેકનો અનાદર થયેલ હોવો જોઈએ. ૩: ચેક લખ્યા તારીખથી છ માસની સમયમર્યાદામાં કલીયર થવા માટે બેન્કમાં રજુ થયેલ હોવો જોઈએ. ૪: ચેકનો અનાદર થયાબાદ બેન્ક તરફથી માહિતી મળ્યાના ૧૫ દિવસની અંદર(હવે સુધારો થયા બાદ ૩૦ દિવસની અંદર) ચેક લખનારને લેખિત ડીમાન્ડ નોટીસ આપીને ચેકમાંની રકમની માગણી કરેલી હોવી જોઈએ. ૫: નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઈએ. ૬: દેવુ

કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ.

આમ, ઉપરોકત તમામ તત્વો સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થાય તો જ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮ અન્વયે આરોપીને દોષિત ઠરાવી શકાય. આવી જ રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૯ ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન કરવા બાબત છે એટલે કે વિરુઘ્ધની હકિકત સાબિત ન થાય ત્યાં સુધી એવુ અનુમાન કરવામાં આવે છે કે,તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ– ૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવા કે અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજામુકત થવા બદલ તે ચેક મેળવ્યો હશે અને આ વણચૂકવાયેલ પરત થયેલ ચેક હાલના કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા સારુ જ આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામા આવશે. આમ, આ કામે **આંક– ૦૮** નો ચેક કાયદેસરના દેવા કે જવાબદારી બદલ બોજામાંથી મુકત થવા માટે આરોપીએ ફરીયાદીને આપેલ છે અને આ દેવુ કે જવાબદારી કાયદેસરની છે.અને તેનો કાયદા ઘ્વારા અમલ કરાવી શકાય તેવો છે. તેવુ કલમ–૧૩૯ અન્વયે આ અદાલત અનુમાન કરેશે. આનાથી વિરુઘ્ધનું પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ **આંક-૦૮** નો ચેક વણચૂકવ્યા ચેકની વર્તમાનની યાને હાલનો કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો અથવા તો તે ચેક બિનઅવેજી હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર ઉપર રહે છે. આ કામે હાલના આરોપી ઉપર આ બોજો રહે છે.

આમ, કલમ–૧૧૮ અને ૧૩૯ની કાનૂની જોગવાઈઓ જોઈએ તો કોર્ટ હંમેશાં ફરીયાદીની તરફેણમાં અનુમાન કરવા બંધાયેલ છે, અદાલત ફરીયાદીની તરફેણમાં કલમ–૧૧ ૮ અને ૧૩૯ મુજબ અનુમાન ન કરે તે માટે વિરુઘ્ધનું પુરવાર કરવાનો બોજો કાયદા ઘ્વારા આરોપી ઉપર નાખવામાં આવેલ છે.પરંતુ કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ અન્વયે આ કોર્ટ હાલના આરોપી વિરુઘ્ધ ત્યારે જ ઉપર કહયા મુજબ અનુમાન કરી શકે છે કે જયારે ફરીયાદીની ફરીયાદ કલમ–૧૩૮ અને કલમ–૧૪૨ અન્વયે સમય મર્યાદામાં જ દાખલ કરવામાં આવેલી હોવી જોઈએ અને આ બે કલમોમાં જણાવેલ આદેશાત્મક જોગવાઈઓનુ ફરીયાદ પક્ષે નિ:શંકપણે પાલન કરેલ હોવુ જોઈએ.

(૧૧) સદર કામમાં અત્રેની કોર્ટનું નમ્રપણે માનવુ છે કે, સદર કામમાં ફરીયાદીએ **આંક–૦૪** થી સરતપાસનો પુરાવો આપેલ છે અને તેઓ ઘ્વારા **આંક–૦૮** વાળો તકરારી ચેક

ફરીયાદીએ પોતાના ખાતામાં નાંખેલ હોવાની અને **આંક– ૦૯** વાળા રીટર્ન મેમોથી પરત થયેલ હોવાની હકીકત જણાવેલ છે. ત્યારબાદ નિયમઅનુસાર સમય મર્યાદાની અંદર **આંક– ૧૦** થી ડીમાન્ડ નોટીસ આરોપીને આપવામાં આવેલી. જે નોટીસ આરોપીને બજી ગયેલી ત્યારબાદ આરોપીએ નિયત સમયમા ફરીયાદીને ચેકની રકમ ચુકવી આપેલ ન હતી જેથી સદરહું ફરીયાદ આરોપી ધ્વારા અત્રેની કોર્ટમાં નિયમઅનુસાર દાખલ કરવામાં આવેલી. આમ સદરહું ફરીયાદીએ જે ફરીયાદ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે દાખલ કરેલ છે તેમાં સદરહું કાયદાના તમામ પ્રાવધાનો પુર્ણ કરવામાં આવેલ છે ત્યારે ફરીયાદીની તરફેણમાં સદરહું કાયદાની કલમ–૧૧૮ તથા ૧૩૯ નું અનુમાન ઉત્પન્ન થવા પામેલ છે. આમ, સદરહું આરોપી પક્ષના શીરે ફરીયાદીના પુરાવાનું ખંડન કરવુ જરૂરી છે. સદરહું ખંડન માટે આરોપીએ વિટનેસ બોકસમાં આવવુ જરૂરી નથી. પરંતુ જો આરોપી પક્ષ ખંડન કરવા માટે ફરીયાદ પક્ષના કેસ પર પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો પ્રસ્તુત કરે તો પણ ફરીયાદ પક્ષે તેઓનો કેસ નિ:શંક પણે પુરવાર કરવાનો રહે છે અને આમ, જો આરોપી પક્ષ સદરહું ફરીયાદીના ઉપરોકત પુરાવાનું ખંડન કરવામાં નિષ્ફળ જાય તો ફરીયાદીની તરફેણમાં હુકમ કરવો જરૂરી બને છે અને જો તેમાં સફળ જાય તો આરોપીની તરફેણમાં હુકમ કરવો જરૂરી બને છે. ઉપરોકત હકીકતો ધ્યાનમાં રાખી સદરહું કેસની હકીકતો લક્ષમાં રાખીએ તો એ હકીકત નિર્વીવાદ છે કે, સદર કામમાં ફરીયાદીની ઉલટ તપાસ સિવાય અન્ય કોઈ મૌખીક પુરાવો બચાવ પક્ષે આરોપી ધ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ નથી અને મુખ્યત્વે આ ફરીયાદીની ઉલટ તપાસ ઉપર આધાર રાખેલ છે. સદરહું કામમાં આરોપી પક્ષે જે ફરીયાદીની ઉલટ તપાસ કરેલ છે તેમાંની મુખ્ય હકીકતો લક્ષમાં રાખીએ તો સદરહું ફરીયાદીને આ ફરીયાદીને તેની ખેતીની જમીન વિશે સવાલ કરવામા આવેલ છે. વધુમા, આ ફરીયાદીએ અન્ય ઈસમોને નાણા આપેલ હોવા બાબત સવાલ કરવામા આવેલ છે. વધુમા, આ ફરીયાદીને બન્ટીભાઈ વિશે સવાલ પુછવામા આવેલ છે. આ ફરીયાદી સદર બન્ટી ભાઈ તેમના સગા કાકાના દીકરા ભાઈ થતા હોવાનુ સ્વિકારેલ છે અને આ બન્ટી ભાઈ અંબિકા ફાયનાન્સ ના નામથી નાણા ધીરધારનો ધંધો કરતા હોવાની અને તેમણે ખોડા ગામના અન્ય વ્યકિતઓ સામે ફરીયાદો કરેલ હોવાની હકીકત ખબર ન હોવાનુ જણાવેલ છે. વધુમા,આ ફરીયાદીને આ બન્ટી ભાઈ અંગે સવાલો પુછી ફરીયાદીએ હાલનો આ તકરારી ચેક બન્ટીભાઈ પાસેથી મેળવી તેને ખોટી રીતે રજુ કરવા આ ચેકનો દુરૂપયોગ કરી ખોટી ફરીયાદ કરેલ હોવાનો બચાવ પ્રસ્થાપિત

કરવા પ્રયત્ન કરવામા આવેલ છે. પરંતુ, સદર ઉલટ તપાસમા પણ આ ફરીયાદી ખેતી અને અન્ય ધંધા માથી આવક મેળવતા હોવાની હકીકત ફલીત થાય છે. વધુમા, આ કામે આરોપીએ હાલનો આ ચેક બન્ટીભાઈ પાસેથી ફરીયાદીએ મેળવેલ હોવાની હકીકત રજુ કરેલ છેપરંતુ, આ ચેક આ આરોપી શા માટે કોઈ વ્યકિતને આપે તેવો કોઈ ખુલાસો આ આરોપી તર્ફે કરવામા આવેલ નથી. વધુમા, આ કામે આરોપી તર્ફ એવો બચાવ લેવામા આવેલ છે કે, આ કામે ફરીયાદી તર્ફે કાયદેસરનુ લ્હેણુ દર્શાવતો કોઈ પુરાવો રજુ કરેલ નથી. પરંતુ, ફકત આરોપી પક્ષે આવા કોઈ સજેશન પુછવા માત્રથી આવો કોઈ બચાવ માની લઈ શકાય નહી. આ આરોપી દવારા ફરીયાદીને આરોપી પાસે કોઈ કાયદેસરનુ લ્હેણુ ન હોવા અંગે બચાવ પ્રસ્થાપિત કરવા પ્રયત્ન કરવામા આવેલ છે. પરંતુ, આરોપીની આ ચેક મા સહી અંગે કોઈ તકરાર લેવામા આવેલ નથી. વધુમા,આ કામે ફરીયાદીએ પોતાનો કેસ પુરવાર કરવા અસલ ચેક અને રીટર્ન મેમો અને આરોપીને નિયત સમયમર્યાદામા નોટીસ મોકલેલ હોવાના પુરાવા રજુ કરવાના છે અને ફરીયાદી માટે અન્ય પુરાવા રજુ કરવા મહત્વના નથી. આરોપી પક્ષે મુખ્યત્વે આ કામના ફરીયાદીએ આરોપી સામે ખોટો કેસ કરેલ હોવાનો પોતાનો બચાવ પ્રસ્થાપીત કરવા પ્રયત્ન કરેલ છે પરંતુ પોતાનો આ બચાવ પુરવાર કરવા કોઈ માની શકાય તેવો પુરાવો રજુ કરેલ નથી. વધુમા, અત્રે નોંધવુ જરૂરી છે કે, સદરહું ફરીયાદ પક્ષની જે ઉપરોકત વિગતવાર ઉલટ તપાસ થયેલ છે તેને ઝીણવણભરી રીતે લક્ષમાં રાખીએ તો સદર હકીકતો જે આરોપીએ સઝેશન સ્વરૂપમાં પુછેલ છે તે સઝેશનને પુરાવો માની શકાય નહી. તદઉપરાંત આ કામમાં આરોપી જયારે સૌપ્રથમ વખત નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલા હતા તે સમયે તેમજ આરોપીનુ સી.આ.પી.સી. ની કલમ ૩૧૩ મુજબનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલુ હતુ તે નિવેદન દરમ્યાન આરોપી ધ્વારા વિશેષ હકીકતો નામદાર કોર્ટમાં જણાવેલ હતી જે મુજબ આ ચેક આરોપીએ અંબીકા ફાયનાન્સ ડેમાઈ માથી ધીરાણ લીધેલ તે પેટે કોરો ચેક બંટીભાઈને આપેલ હતો તેમની પાસેથી કોરો ચેક મેળવી તેનો દુરૂપયોગ કરેલ હોવાનો અને ફરીયાદીએ ખોટી ફરીયાદ કરેલ હોવાનો બચાવ રજુ કરેલ છે. આ બાબતે ચર્ચા કરીએ તો સદરહું આરોપી પક્ષ ધ્વારા પોતાની હકીકત માની શકાય તે માટે કોઈ વિશેષ પુરાવા રજુ કરેલ નથી કે આવા કોઈ મજબુત માની શકાય તેવા દસ્તાવેજો રજુ કરેલ નથી. આ કામે આંક–૦૮ ના ચેકમા આરોપીની સહી છે તે બાબતે કોઈ તકરાર નથી. વધુમા, જો આ ફરીયાદીએ આ ચેકનો દુરૂપયોગ કરેલ હોય તો સહજ છે કે આ આરોપીએ આવા ચેકના દુરૂપયોગ

બદલ કોઈ ફરીયાદ કે અરજી કરેલ હોય પરંતુ, આવી કોઈ ફરીયાદ આ આરોપીએ કરેલ હોવાનો કોઈ પુરાવો રજુ થયેલ નથી. વધુમા, જો આરોપીએ આ ચેક તેમના બચાવમા જણાવ્યા મુજબ બન્ટીભાઈ ને આપેલ હોય તો આ આરોપી આવા ધીરાણની વિગતો જાહેર કરે, અને જો આવા ધીરાણની રકમ ચુકવાઈ ગયેલ હોય તો, આ આરોપીએ આવો ચેક પરત મેળવવા કોઈ કાયદેસરની કાર્યવાહી કરેલ હોય અથવા તો, આ બન્ટીભાઈ પાસેથી આ ચેક પરત મેળવવા માટેની કોઈ લેખીત નોટીસ આપેલ હોય અથવા તો આવા ચેકનુ પેમેન્ટ સ્ટોપ કરાવવા માટે બેંકને આ અંગેની કોઈ લેખીત જાણ કરેલ હોય. પરંતુ, આવી કોઈ કાર્યવાહી આ આરોપી દવારા કરાયેલ હોય તેવી કોઈ વિગત ફલીત થતી નથી તેથી પણ આરોપીનો હાલના આરોપીએ ચેકનો દુરપયોગ કરેલ હોવાનો પ્રોબેબલ બચાવ માની શકાય તેવો નથી. આમ, ઉપરોકત ચર્ચાના અંતે આરોપીએ જે બચાવો લીધેલા છે પરંતુ તે બચાવો પુરવાર કરવા માટે સદર કામમાં કોઈ સંતોષકારક પુરાવો આપેલ નથી અને સમગ્ર રીતે ફરીયાદ પક્ષની હકીકતો મુજબ તકરારી ચેક કે જે આરોપીના ખાતાનો છે અને તેમાં આરોપીની સહી છે તે વણચુકવ્યે પરત ફરેલો છે. ત્યારબાદ નિયત સમય મર્યાદામાં આરોપીને નોટીસ આપવામાં આવેલી તે **આંક–૧૦** વાળી નોટીસ લક્ષમાં રાખીએ તો આ નોટીસ પણ આરોપીને ધારાસર રીતે બજી ગયેલ છે.ત્યારબાદ આ આરોપી દવારા સદર નોટીસનો કોઈ જવાબ પણ આપવામા આવેલ નથી ત્યારે ફકત બચાવ રજુ કરવાથી આરોપીની હકીકત સાચી માની શકાય નહી. જો ખરેખર આ ફરીયાદીએ આરોપીના ચેકનો દુરૂપયોગ કરવામા આવેલ હોય તો સંભવત છે કે, આ આરોપી આવી નોટીસનો ત્વરાએ જવાબ આપે અને ફરીયાદી તથા અન્ય ઈસમો વિરૂધ્ધ ચેકના દુરૂપયોગ બદલ કાયદેસરની કાર્યવાહી કરે પરંતુ, આવી કોઈ કાર્યવાહી આરોપી દવારા કરવામ આવેલ નથી. આમ, આરોપી પક્ષે જે બચાવ બાબતે આરોપી પક્ષે કોઈ સંતોષ કારક પુરાવો આપેલ ન હોય ત્યારે આરોપી પક્ષ સદરહું કાયદાની કલમ–૧૧૮ તથા ૧૩૯ ના પ્રબંધો મુજબ ફરીયાદીની તરફેણમાં થયેલ અનુમાનોનું ખંડન કરવામાં નિષ્ફળ ગયા હોય ત્યારે તેમજ સમગ્ર રીતે હાલના આરોપી પક્ષે જે ફરીયાદીની ઉ.ત. પર આધાર રાખેલ છે પરંતુ સદર ઉલટ તપાસ થી આરોપી પ્રોબેબલ ડીફેન્સ ઉભો કરી શકેલા નથી તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે. આ તબકકે **૨૦૦૧, અમદાવાદ લો રીપોર્ટર, પાન નં.૫૩૯, પરેશભાઈ એમ.વાઘાણી વિરુધ્ધ પંકજ મનસુખલાલ સેજપાલ** નો ચુકાદો ધ્યાને લઈએ તો સદર ઓથોરીટીમાં નામદાર ગુજરાત

હાઈકોર્ટે સ્પષ્ટ જણાવેલુ છે કે, ને.ઈ.એકટની ફરીયાદમાં ફરીયાદીએ કેસ પુરવાર કરવા માટે અસલ ચેક, રીટર્ન મમો, નોટીસની કોપી, આર.પી.એ.ડી.ની સ્લીપ તથા આરોપીને નોટીસ મળ્યાની પોષ્ટની એકનોલેજમેન્ટ રજુ કરવાની છે. માટે બીજા પ્રશ્નો મહત્વના નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટની સદર ઓથોરીટી ધ્યાનમાં લેતાં ફરીયાદીએ પોતાની ફરીયાદ પુરવાર કરવા ફકત અસલ ચેક, રીટર્ન મેમો, આરોપીને આપેલ નોટીસની કોપી તેમજ આરોપીને નોટીસ મોકલ્યાની પોસ્ટની પાવતી તેમજ આરોપીને નોટીસ બજયાની પોસ્ટની એકનોલોજમેન્ટ રજુ કરવાની છે. **રંગાપ્પા વિરૂધ્ધ મોહન**ના ચુકાદા મુજબ આરોપીએ આપેલ ચેક કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલ છે તેવું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે. આમ આ કેસનો રેકર્ડ પરનો સમગ્ર મૌખિક પુરાવો અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં આરોપીએ ફરીયાદીને આપેલ ફરીયાદવાળો ચેક ફરીયાદમાં જણાવેલ વ્યવહારની રકમના કાયદેસરના અમલ કરી શકાય તેવા દેવાની ચુકવણી પેટે આપેલાની હકીકત ફલીત થતી હોવાથી ફરીયાદીએ આરોપીના કોરા સહીવાળા ચેકમાં ખોટી રકમ કે વિગતો ભરી દુરઉપયોગ કરેલાનું પુરવાર થતુ ન હોય ફરીયાદીની વિરૂધ્ધમાં અનુમાન કરવાની આરોપીની તરફેણની દલીલ ગ્રાહય રાખવા પાત્ર નથી.

(૧૨) આમ, આ કામે ફરીયાદપક્ષે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની મેન્ડેટરી જોગવાઈઓનું પાલન કરી, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ) અને ૧૩૯ ની જોગવાઈઓ સબબ અત્રેની અદાલતે જે અનુમાનો અવેશ વિશે અને ધારક આ ચેકનાં નાણાં વસુલ મેળવવા હકકદાર છે તે અંગેના અનુમાનો વિરુધ્ધમાં બચાવપક્ષે કોઈ ખંડનીય પુરાવો રજુ કરેલ ન હોવાના કારણસર ફરીયાદપક્ષનો આ કેસ નિ:શંકપણે સાબીત થયેલ હોવાનું અત્રેની અદાલત માને છે. આ કામે તહોમતદાર તર્ફે જે બચાવ અને દલીલો રજુ કરેલ છે તે માની શકાય તેમ નથી. આ કામે ફરીયાદીએ રજુ કરેલ ચેક રટર્ન થયેલ છે. આમ, ફરીયાદીએ રજુ કરેલ ચેક આરોપીના ખાતાનો છે તે રીટર્ન થયેલ હોવાનુ પુરવાર થતુ હોય તેનો મતલબ એવો થાય છે કે આરોપીએ તેના કાયદેસરના જવાબદારી અને દેવા પેટે ફરીયાદીને ચેક આપેલો છે. આમ રેકર્ડ પર રજુ સમગ્ર હકીકતે નામ. સુપ્રિમ કોર્ટના **રંગાપ્પા વિરૂધ્ધ મોહન**ના ચુકાદા મુજબ આરોપીએ આપેલ ચેક કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલ છે તેવું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે. આમ આ કેસનો રેકર્ડ પરનો સમગ્ર મૌખિક પુરાવો અને દસ્તાવેજી

પુરાવો ધ્યાને લેતાં આરોપીએ ફરીયાદીને આપેલ ફરીયાદવાળો ચેક ફરીયાદમાં જણાવેલ વ્યવહારની રકમના કાયદેસરના અમલ કરી શકાય તેવા દેવાની ચુકવણી પેટે આપેલાની હકીકત ફલીત થતી હોવાથી ચેકનો દુરઉપયોગ કરેલાનું પુરવાર થતુ ન હોય ફરીયાદીની વિરૂધ્ધમાં અનુમાન કરવાની આરોપીની તરફેણની દલીલ ગ્રાહય રાખવા પાત્ર નથી. આમ નામ. સુપ્રિમ કોર્ટ ના ઉપરોકત રજુ કરેલ ઓથોરીટીઓ તથા દસ્તાવેજી અને મૌખિક પુરાવા ધ્યાને લેતાં જયારે ચેક આપેલ હોય ત્યારે કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલ છે તેવું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું છે જે આ કેસમાં થાય છે. આ અનુમાનનુ ખંડન કરવાની જવાબદારી અને બોજો આરોપી પર છે. પરંતુ આરોપીએ કરેલ ફરીયાદીની ઉલટ તપાસમાં ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતા અનુમાનનું કોઈપણ રીતે ખંડન કરેલ નથી. એટલુંજ નહી પણ ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતુ અનુમાનનું ખંડન થાય તે પ્રબળ શકયતા અને સંભાવના પણ આરોપી તરફથી ઉભી કરવામાં આવતી નથી. ઉપરોકત તમામ મુદાઓની વિસ્તૃત ચર્ચા કરેલ છે અને હકીકતની સાથે સાથે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોની ચર્ચા કરેલ છે તેથી તેનું પુનરાવર્તન કરવું જરુરી નથી, પરંતુ ટુંકમાં એટલું જણાવીશ કે, આ કામના ફરીયાદીએ આ કામના આરોપીને નાણા આપેલ છે, તે હકીકત છે અને તે રકમ આરોપીએ પરત ન કરતાં ફરીયાદીએ આરોપી પાસેથી વળતર અપાવવા દલીલ કરેલી છે. નામદાર સર્વોચ્ચ અદાલતે **આર.વિજયન વિ. બેબી અને બીજા** ના ચુકાદામા ફરીયાદીને વળતર તરીકે યોગ્ય રકમ ચુકવવાનો હુકમ કરવાની હિમાયત કરી છે તે હકિકત ધ્યાને લેતા હાલના કેસમા પણ ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૩૫૭ અન્વયે ફરીયાદીને વળતર ચુકવી આપવાનો હુકમ કરવો અને તેમા કસુર કર્યેથી કેદની સજાનો હુકમ ફરમાવવો પણ વ્યાજબી,ન્યાયી અને ઉચિત જણાય છે. આરોપીએ આર્થિક ગુનો કરેલ છે. અત્યારના પ્રવર્તમાન સમયમાં ધંધાને લગતા તમામ નાણાંકીય વ્યવહારો ચેક ઉપર આધારીત છે. મોટી રકમના નાણાંની લેવડ દેવડ ચેકથી થાય છે અને આ ચેક ચલણી નોટ જેવો ક્ષતિ રહીત હોવો જોઈએ. એક વખત જો એક વ્યકિત બીજી વ્યકિત કે બેંકને ચેક આપે તો તે ચેકનું અવમુલ્યન થવું જોઈએ નહી. ચેક પરત ફરે તો તેનો અર્થ એવો થાય કે ચેકનું અવમુલ્યન થયેલ છે અને તેની કોઈ કીંમત નથી તેવું કહી શકાય અને એટલા માટે જ ચેક પરત ફર્યાની ફરીયાદમાં પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ અને ક્રી.પ્રો.કોડ કલમ–૩૬૦ ની જોગવાઈનો લાભ આપવો જોઈએ નહી જેથી ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ–૩૬૦ ની

જોગવાઈનો લાભ આરોપીને આપવા પાત્ર નથી. કાયદાની જોગવાઈ તથા ચેકની રકમ ધ્યાનમાં લ ેતાં આરોપીને યોગ્ય સજા અને યોગ્ય દંડ થવો જોઈએ તેમ હુ માનુ છું અને ફરીયાદીને પણ પુરતો ન્યાય મળ્યો છે તેવો અહેસાશ થશે આવા સંજોગોમાં ફરીયાદવાળો ચેક આ કામના આરોપીએ ફરીયાદીને કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપ્યો છે તે હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરતા હોય જેથી મુદા નં.૧ પરત્વે નો જવાબ હકારમા આપી મુદા નં.ર અન્વયે નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમા જાહેર કરું છું.

**–:: હુકમ ::–**

(૧) આથી ક્રી.પ્રો.કોડ.કલમ–રપપ(ર) અન્વયે આરોપી સોલંકી ગણપતસિંહ ચંન્દ્રસિંહ , રહે. ખાંડા, પો. સાઠંબા, તા. બાયડ, જી. અરવલ્લી નાઓને ધી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવીને વર્ષ– ૧(એક) ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

(ર) ભારતીય ફોજદારી સંહિતાની કલમ–૩પ૭ અન્વયે આરોપીએ ફરીયાદી ને વળતર તરીકે ફરીયાદમા જણાવેલ ચેકની રકમ રૂા. ૭૦,૦૦૦ /–(અંકે રૂપીયા સીત્તેર હજાર પુરા) આજથી માસ–૧ ની મુદૃતમા ચુકવી આપવા તેવો હુકમ કરવામાં આવે છે. જો આરોપી સદર વળતરની રકમ ચુકવવામા કસુર કરે તો તેઓએ વધુ ૩ માસ (ત્રણ માસ)– ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામા આવે છે.

(૩) આરોપી હાજર ન હોય, આરોપી વિરુઘ્ધનુ સજા વોરંટ એસ.પી.શ્રી મોડાસા–અરવલ્લી નાઓ ને બજવણી અર્થે મોકલવુ.

(૪) આરોપી હાજર થાય ત્યારે આરોપીને આ ચુકાદાની નકલ તુરંત વિનામુલ્યે પુરી પાડવાનો હુકમ કરવામા આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ ૨૭ મી માહે : મે સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| બાયડ<br>તા. ૨૭–૦૫–૨૦૨૬ | ( વિજય ચંદુલાલ મકવાણા )<br>એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ<br>બાયડ<br>કોડ નં. જી.જે. ００૯૯૭ |